2 SEP
2022

Paghadi e-Magazine

1
EDITION

# ડો રબારી સમાજ
# પાઘડી

આપણો સમાજ • આગવી ઓળખ • ગુજરાતી ગૌરવ

સાંભળેલી વાતો
ઈતિહાસ
વ્યક્તિ વિશેષ
સ્વાસ્થ્ય
સામાજિક સમાચાર
કલાકારી
ધર્મ દર્શન
સંસ્કૃતિ
શિક્ષણ
સ્ત્રી શક્તિ
રમત ગમત
વેપાર
રમત ગમત
સામાજિક સમાચાર
ધર્મ દર્શન
સ્ત્રી શક્તિ
વ્યક્તિ વિશેષ
સાંભળેલી વાતો
વેપાર
સ્વાસ્થ્ય
ઈતિહાસ
સામાજિક સમાચાર

# કન્ટેન્ટ


| | |
|---|---|
| એડિટર મેસેજ | 1 |
| મેગેઝિન પરિચય | 2 |
| રબારી સમાજ ઈતિહાસ ભાગ - 1 | 3 |
| ધર્મ દર્શન | 5 |
| મહિલા / નારી શક્તિ | 6 |
| પાઘડી ન્યૂઝ | 10 |

# સંપાદક સંદેશ

**પાઘડી ઈ-મેગેઝિન ના વાચકોને મારા 'રામ રામ'**

આજનો દિવસ મારા માટે ખુબજ ખુશીનો અને આનંદનો છે. બીજી સપ્ટેમ્બર 2022 એટલે પાઘડી ઈ-મેગેઝિનના એડિશનનું લૌન્ચિંગ અને 1983 ના વર્ષ માં બીજી સપ્ટેમ્બરના દિવસે મારો જન્મ. આજના દિવસે જે કાર્ય કરી રહ્યો છું એ આપણા સમાજના યુવા વર્ગને અને સમાજના લોકોને પાઘડી ઈ-મેગેઝિન થકી એક સાચી માહિતી પ્રદાન કરવાનો પ્રયત્ન કરી રહ્યો છું. જેનાથી સમાજનું ભાવી ઉજ્જવળ બને અને આપણે આગળ વધીએ.

મારો પ્રયત્ન ફક્ત શિક્ષણ કે નોકરી નહિ પરંતુ દરેક ક્ષેત્રના વિષયોની માહિતી આપી યુવા વર્ગને માહિતગાર બનાવનો છે. સમાજની સંસ્કૃતિની યુવા વર્ગને જાણકારી અપાવી અને આપણા એ વારસાની જાળવણી કરાવવી પણ જરૂરી છે. શિક્ષણ મેળવ્યા બાદ ફક્ત નોકરી કરવી એવુજ નહિ, પરંતુ બીજા અન્ય ઘણા ક્ષેત્ર છે જ્યાં આપણે કમાણી અને નામના મેળવી શકીએ છીએ. અહીં શિક્ષણ સાથે વેપાર, રમત ગમત, કલા ક્ષેત્ર, સ્વાસ્થ્ય જાળવણી ને બીજી આવી અનેક માહિતી અપવનો એક પ્રયત્ન છે.

સમાજના ઘણા વ્યક્તિઓ છે જે કોઈકના કોઈક રીતે સમાજને મદદ રૂપ થવા માંગે છે. અહીં ફક્ત મારાજ વિચારો નહિ પરંતુ સમાજની અન્ય જાણકાર વ્યક્તિના વિચારો પણ મુકીશ. આશા રાખું છું કે મારા આ એક નાનકડા પ્રયત્નનો સ્વીકાર કરશો.

**જય શ્રી કૃષ્ણ જય માતાજી**

**- વિષ્ણુ રબારી 'ઝવેર'**

**(એડિટર - લેખક)**

# પાઘડી ઈ-મેગેઝિન વિષે

આજથી આશરે પાંચ એક વર્ષ પેહલા પાઘડી ઈ-મેગેઝિનની સોશ્યિલ મીડિયા પર શરૂઆત થઈ ચુકી હતી. અમુક સમય અને સંજોગને કારણે મેગેઝિનને પબ્લીશ કરી શક્યા નોહતા. ડિજિટલ પ્લેટફોર્મ નો ઉપયોગ અત્યારે ખુબજ પ્રમાણ માં થઈ રહ્યો છે જેને ધ્યાન માં રાખીનેજ પાઘડી ઈ - મેગેઝીનની શરૂઆત કરી છે. આપણા સમાજનો ઘણો વર્ગ ડિજિટલ પ્લેટફોર્મ પર કનેક્ટ છે ને ઘણો વર્ગ નથી. જે વર્ગ નથી એમના માટે અમુક સમય પછી ચોક્કસથી પ્રિન્ટ કોપી લઈને આવીશું.

પાઘડી ઈ - મેગેઝિનમા શૈક્ષણિક, વેપાર, ધાર્મિક, સામાજિક અને અન્ય જાણવા જેવી માહિતી આપવામાં આવશે. પાઘડી ઈ-મેગેઝિન હાલ ડિજિટલ પ્લેટફોર્મ સોશ્યિલ મીડિયા અને વેબસાઈટ પર ચાલતું મેગેઝીન છે.

'પાઘડી' શબ્દ ના અહીં બે ઉલ્લેખ થઈ રહ્યા છે એક પાઘડી એટલે સમાજની સૌથી મોટી ઓળખ છે સમાજનો માન અને મોભો છે અને બીજો ઉલ્લેખ એ કે પા' ઘડી એટલેકે થોડોક સમય થોડીક ક્ષણ. તમારી વ્યસ્તતા માંથી થોડોક સમય કાઢીને એકવાર મેગેઝીન વાંચી લેવું. પાઘડી ઈ-મેગેઝિન દર મહિને બે એડીશન પંદર - પંદર દિવસે પબ્લિશ કરશે.

## ઉદ્દેશ અને ધ્યેય

અમારો ઉદ્દેશ સમાજમા જાણવા જેવી શૈક્ષણિક, વેપાર, રમત ગમત અને બીજા અન્ય ક્ષેત્રની અપડેટ, ધાર્મિક અને સંસ્કૃતિ વિશેની માહિતી આવી અનેક માહિતી આપવી. જેના થકી અમે યુવા વર્ગને સાચી માહિતી આપી શકીએ. પાઘડી ઈ - મેગેઝિનની વાંચી કોઈ વાત થી શીખીને આગળ વધે ને પોતાની પ્રગતિ કરે એજ ધ્યેય.


**Chief Editor**

**Vishnu Rabari 'Zaver'**

**Designed By**

**HV Design Studio**

**Contact**

**+91 91730 93291 | paghadimail@gmail.com**

રૂડો રબારી સમાજ

# પાઘડી

આપણો સમાજ • આગવી ઓળખ • ગુજરાતી ગૌરવ

# HISTORY OF RABARI

## રબારી નો ઈતિહાસ ભાગ - 1

રબારી, રાયકા, હીરાવંશી, દેવાસી કે દેસાઈના નામે ઓળખાતી આ જાતિ મેર, આહીરની જેમ મુળ રાજપુત જાતિમાંથી ઉતરી આવી છે તેવો ઘણા વિદ્વાનોનો મત છે.

રબારીને રાયકા, દેસાઈ, દેવાસી, અને હીરાવંશી ના નામે પણ ઓળખવામાં આવે છે. આ જાતિ ભલી ભોળી અને શ્રધ્ધાળુ હોવાથી દેવોનો વાસ તેમા રહેલો છે તેથી ( કે દેવના વંશજો હોવાથી ) આ જાતિ દેવાસી ના નામે પણ ઓળખાય છે.

આ જાતિ ભલી ભોળી અને શ્રધ્ધાળુ હોવાથી દેવોનો વાસ તેમા રહેલો છે તેથી ( કે દેવના વંશજો હોવાથી ) આ જાતિ દેવાસી ના નામે પણ ઓળખાય છે. રબારી આખા ભારતમાં ફેલાયેલા છે. વિશેષ કરીને ઉત્તર, પશ્ચિમ અને મધ્ય ભારતમાં એમ તો પાકિસ્તાનમાં પણ આશરે ૮,૦૦૦ રબારી હોવાના સમાચાર મળે છે. રબારી જાતિનો ઈતિહાસ બહુજ જુનો છે પણ શરુઆતથીજ પશુપાલન નો મુખ્ય વ્યવસાય અને ભટકતુ જીવન હોવાથી કોઈ આધારભુત ઐતિહાસિક ગ્રંથ લખાયો નથી. માનવ વસ્તીથી હંમેશા દૂર રહેતા હોવાથી રબારી સમાજ સમય સાથે પરિવર્તન પામી શક્યો નથી. અત્યારે પણ આ સમાજમાં રિતરીવાજ, પોશાક, ખોરાક જેમનો તેમ જ રહ્યો છે. ૨૧ મી સદીમાં શિક્ષિત સમાજના સંમ્પર્કમાં આવવાથી શિક્ષણ પ્રાપ્ત કરવાથી સરકારી નોકરી, વ્યાપાર ઉદ્યોગ, ખેતી વગેરે જરૂર અપનાવ્યા છે.

દરેક જાતિની ઉત્પત્તિ વિશે જેમ ભિન્ન મત હોય છે તેમ આ જાતિ વિશે પણ જુદા જુદા મત હોઈ શકે છે.

પૌરાણિક વાત એવી છે કે જ્યારે ભગવાન શિવજી હિમાલયમાં તપ કરતા હતા ત્યારે મા પાર્વતીએ મન બહેલાવવા માટે માટી માથી ઉંટની આકૃતિ બનાવીને રમવા લાગ્યા.આ ઉટને પાંચ પગ હતા. પાર્વતીજીએ શિવજીને આ આકૃતિમાં જીવ પૂરવાની જીદ કરી. ભોળા શંભુએ તથાસ્તુ કહ્યું. પછી આ ઉટને ચરાવવાની સમસ્યા ઉભી થઈ, ત્યારે શિવજીએ માં પાર્વતીના કહેવાથી ઉંટની સંભાળ રાખવા માટે એક માણસ ઉત્પન્ન કર્યો તે હતો પ્રથમ રબારી. આ માણસે દેવલોકની અપ્સરા અથવા હિમગિરીની કોઈ દેવી સાથે લગ્ન કર્યુ. (એક દંતકથા મુજબ'રઈ' નામની અપ્સરા સાથે લગ્ન કર્યા જેનો વંશ'રાયકા' ના નામથી ઓળખાયો). તેને ચાર પુત્રીઓ થઈ. એ ચાર પુત્રીઓનાં લગ્ન હિમાલયમાં રહેતી જુદી જુદી રજપુત(ક્ષત્રિય) જાતિના પુરુષો સાથે થયાં, અને એ ચારે પુરુષોની જે સંતતિ થઈ એ હિમાલયના નિયમ બહારનાં લગ્ન હોવાથી એ પ્રજા રાહબારી કે રબારીના નામથી ઓળખાવા લાગી.

## વધુ આવતા અંકે



**- રિધ્ધી રબારી**
(સંપાદક)

# ધર્મ દર્શન

।।ॐ भूर्भुवः स्वः तत्सवितुर्वरेण्यं भर्गो देवस्य धीमहि धियो यो नः प्रचोदयात्।।

भावार्थ:

हम भगवान की महिमा का ध्यान करते हैं, जिन्होंने इस दुनिया को बनाया है, जो पूजनीय हैं, जो ज्ञान के भंडार हैं, जो पापों और अज्ञान को दूर करने वाले हैं वे हमें प्रकाश दिखाएँ और हमें सत्य के मार्ग पर ले जाएँ।

ધર્મ દર્શન એટલે શ્રદ્ધા વિશ્વાસ અને આસ્થાનું સ્થાન જેમા દરેક અંકમાં અમે આપને સમાજના જાણીતા ને પૌરાણિક મંદિર કે માઢ પવિત્ર યાત્રા ધામના ઈતિહાસ અને પરચાની માહિતી આપતા રહીશું. અમને જે ધાર્મિક સ્થળની માહિતી હશે એતો આપીજશું પરંતુ જો આપના પણ ધ્યાનમાં કોઈ પવિત્ર ધાર્મિક સ્થળ હોઈ તો આપ અમને અમારા WhatsApp નંબર 91730 93291 પર અથવા તો ઈમેઈલ આઈડી paghadimail@gmail.com પર મેઈલ કરી શકો છો.

## સમાજનું ગૌરવ

# મહિલા

## નારી શક્તિ

સંસાર એક રંગમંચ છે, અને તેના પર અભિનય કરવા વાળા પાત્ર સ્ત્રી અને પુરુષ બંને છે. દેશના નિર્માણમાં પુરુષોની સાથે સ્ત્રીઓનું પણ મહત્વપૂર્ણ યોગદાન રહ્યું છે. ભારતીય સમાજમાં નારીઓની પૂજા વિભિન્ન રીતે થતી આવી છે. પ્રાચીન ભારતનો ઈતિહાસ નારીઓની ગૌરવગાથાથી ભરેલો છે. મનુસ્મૃતિમાં કહેવાયું છે કે

> "યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે તત્ર રમન્તે દેવતાઃ"

અર્થાત જ્યાં નારીની પૂજા કરવામાં આવે છે ત્યાં દેવતાઓનો નિવાસ કરે છે. ઉપરોક્ત વિધાન જ નારીઓનું મહત્વ દર્શાવે છે. તેમને સન્માન પ્રદાન કરે છે. જે સમાજમાં નારીનું સ્થાન સન્માનજનક હોય છે તે એટલો જ પ્રગતિશીલ અને વિકસિત હોય છે. પરિવાર અને સમાજના નિર્માણમાં નારીનું સ્થાન મહત્વપૂર્ણ હોય છે. જ્યારે સમાજ સશક્ત અને વિકસિત હોય છે. તો રાષ્ટ્ર પણ મજબૂત બને છે. આ પ્રકારે રાષ્ટ્રનિર્માણમાં પણ નારીઓ કેન્દ્રીય ભૂમિકા ભજવે છે.

માતાના રુપમાં નારી પ્રથમ ગુરુ હોય છે. જહોન હર્બર્ટના અનુસાર "આદર્શ માતા સો શિક્ષકોની ગરજ સારે છે." માટે જ દરેક પરિસ્થિતિમાં તેનું સન્માન થવું જ જોઈએ. મહાત્મા ગાંધીજીએ કહ્યું છે કે – "સ્ત્રી પુરુષ કી ગુલામ નહીં સહધર્મિણી, અર્ધાંગિની ઓર મિત્ર હે" ખરેખર સ્ત્રીનું જીવન સ્નેહ, સહનશીલતા, ત્યાગ અને બલિદાનનું મહાકાવ્ય છે.

## સમાજનું ગૌરવ

# મહિલા

## નારી શક્તિ



### DCP ઉષા બેન રાડા દેસાઈ

હોદ્દો - DCP સુરત સીટી | વતન - જામ જોધપુર જી. પોરબંદર



### DCP, ડૉ.કાનન બેન મનુ ભાઈ દેસાઈ

હોદ્દો - DCP અમદાવાદ શહેર
વતન - મોરા ગામ ગોધરા, પંચમહાલ



### ACP રાધિકા બેન ભગવાન ભાઈ ભારાઈ

હોદ્દો - DYSP ACP વડોદરા શહેર | વતન - માંડોદરા જૂનાગઢ



### DYSP મનિષા બળદેવભાઈ દેસાઈ

FORMER ATDO - FORMER PI - Probationary Dysp
વતન - મુ. કલ્યાણપુર તા. ઈડર ડી. સાબરકાંઠા | હાલ- ગાંધીનગર



## P.I શિલ્પાબેન મહાદેવભાઈ દેસાઈ

હોદ્દો - પોલીસ ઈન્સ્પેક્ટર, ભરૂચ
વતન. કાકોશી તા. સિદ્ધપુર જિ. પાટણ



## P.I જીનલ બેન ગેમરભાઈ દેસાઈ

હોદ્દો - PI સાઈબર ક્રાઈમ વડોદરા ગ્રામ્ય
ગોખરવા તા.ચાણસ્મા જી.પાટણ



## P.I હિરલ બેન ગેમર ભાઈ દેસાઈ

હોદ્દો - PI વ્યારા તાપી
વતન - કંબોઈ, તા. ચાણસ્મા, જી. પાટણ



## P.I વેજી બેન ભીખા ભાઈ વશ (રબારી)

હોદ્દો - પોલીસ ઈન્સ્પેક્ટર (PI) બનાસકાંઠા જિલ્લો
વતન - સિદસર તા. જામજોધપુરજી. જામનગર



## P.I નેન્સી બેન નાગજી ભાઈ દેસાઈ

હોદ્દો - PROB. PI કરાઈ
વતન - ચંદ્રાવતી સિદ્ધપુર, હાલ - અમદાવાદ



## P.I હિરલ બેન બિરેન્દ્ર ભાઈ મુસાર (રબારી)

હોદ્દો - YOUNGEST પોલીસ ઈન્સ્પેક્ટર
વતન - માંડોદરા હાલ- ગાંધીનગર

મહિલા / નારી શક્તિ

રૂડો રબારી સમાજ
પાઘડી
આપણો સમાજ • આગવી ઓળખ • ગુજરાતી ગૌરવ



## P.S.I સીતા બેન મહાદેવ ભાઈ રબારી

હોદ્દો - W.PSI ડીસા પાલનપુર
વતન - ઉંટવાડા તા. સરસ્વતી જી.પાટણ



## P.S.I જયશ્રી રેવાભાઈ દેસાઈ

હોદ્દો - હાલમા પીએસઆઈ સુરત
વતન - કાકોશી તાલુકો:સિદ્ધપુર જિલ્લો:પાટણ



## P.S.I શીતલબેન મુળજીભાઈ કળોતરા

હોદ્દો - W. P.S.I ભાવનગર | વતન - રાજપરા ખોડિયાર
તા.શિહોર.જી.ભાવનગર



## P.S.I ધર્મિષ્ઠા બેન લિંબાભાઈ આલ

હોદ્દો - W.PSI વસ્ત્રાપુર અમદાવાદ શહેર
વતન - ઉમરડા તા. મુળી જી. સુ.નગર



## P.S.I દેસાઈ શ્રુતિ બેન ધરમસિંહભાઈ

હોદ્દો - PSI બોપલ અમદાવાદ ગ્રામ્ય
વતન. પિઢારપુરા, સાસરી - રૂપપુર



## P.S.I દેસાઈ દીપ્તિ બેન મફતલાલ

હોદ્દો - W.PSI મહેસાણા
વતન - ઉમતા , સાસરી - પિંઢારપુરા

પાઘડી NEWS
Paghadi e-Magazine

સામાજિક સમાચાર
શૈક્ષણિક | વેપાર | રમત ગમત | ધાર્મિક | સ્વાસ્થ્ય

# આજ રોજ માલધારી વેદના રેલી અમદાવાદમાં યોજાશે




PAGE 2 પર વિગતવાર વાંચો

**બાપુનગર શ્રી ભીડભંજન હનુમાન મંદિરથી સરસપુર, કાલુપુર બ્રિજ થઈને સારંગપુરથી રાયપુર, આસ્ટોડિયા, ખમાસાથી ભદ્રકાળી મંદિર પહોંચીને રેલીને સમાપ્ત કરશે.**



PAGE 2 પર વિગતવાર વાંચો

## તમારા માલધારી ના સુખ દુઃખ મા તમારી સાથે છીએ

- 11મી સપ્ટેમ્બરે અને ને રજુઆત કરીશું : કનીરામ બાપુ
- માલધારી સમાજનો વિરોધ હવે ગાંધીનગર પોંહચશે

માલધારી સમાજે અમદાવાદમાં 'માલધારી વેદના રેલીના આયોજન દ્વારા પોતાની તકલીફોને વાચા આપવાનું એલાન કર્યું છે. ગુજરાત માલધારી મહાપંચાયતના પ્રવક્તા નાગજી દેસાઈએ માલધારી ની વેદના સાંભળવા અને તેમનો પક્ષ સમજવા માટે અપીલ કરી હતી. બાપુનગર શ્રી ભીડભંજન હનુમાન મંદિરથી સરસપુર, કાલુપુર બ્રિજ થઈને સારંગપુરથી રાયપુર, આસ્ટોડિયા, ખમાસાથી ભદ્રકાળી મંદિર પહોંચીને રેલીને સમાપ્ત કરશે. નાગજી દેસાઈના કહેવા પ્રમાણે માલધારીઓની સમસ્યા માત્ર માલધારીઓની જ નહીં પરંતુ અન્ય સમાજની પણ છે. આ તમામ વેદના માટે તેમણે સત્તામાં બેઠેલા લોકોને અને ગામડાઓના શહેરીકરણને જવાબદાર ઠેરવ્યું હતું.



## અમદાવાદ મહા પંચાયત વેદના રેલી સવારે 10:00 વાગ્યે મોટી સંખ્યામાં માલધારીને આમંત્રણ

# તમારા માલધારી ના સુખ દુઃખ મા તમારી સાથે છીએ



- 11મી સપ્ટેમ્બરે PM અને CM ને રજુઆત કરીશું
- સરકારે અમારી ન્યાયિક માંગણી સ્વીકારવી પડશે
- માલધારી સમાજનો વિરોધ હવે ગાંધીનગર પોંહચશે

**કનીરામ બાપુ**

તારીખ 1.9.2022 સુરત ડભોલી ગામ માલધારી સમાજ સંમેલન મા હાજરી આપી અને માલધારી સમાજ ને સંદેશો પાઠવ્યો તમારા માલધારી ના સુખ દુઃખ મા તમારી સાથે છીએ.પ.પૂજ્ય મહામંડલેશ્વર કણીરામ બાપુ ( દૂધરેજ ધામ) પ.પૂજ્ય ધર્મરત્ન ભુવાજી શ્રી રાજાબાપા ( કાશીધામ કાહવા) અને સરકાર શ્રી ખુલી ચેતવણી આપી મલાધારી સમાજ ઉપર સુરત મા થયલી સરકાર શ્રી તાનાશહી ચલાવી લેવા મા આવ છે નહી.

## માધાપરમાં રબારી યુવાનની વિધર્મીઓ દ્વારા ઘાતકી હત્યા મામલો

દુધની ફેરી કરતા રબારી સમાજના યુવકનું લોહાણા સમાજવાડી પાસે છરીનો જોરદાર ઘા ઝીંકી ઢીમ ઢાળી દેવાયું હતું. યુવકને સારવાર માટે ભુજની જી. કે. જનરલ હોસ્પિટલ ખસેડાયો હતો. જ્યાં સારવાર મળે તે પૂર્વેજ તેનું મૃત્યુ નીપજ્યું હતું. ઘાતકી હત્યાના વિરોધમાં ભુજ ખાતે અખિલકચ્છ રબારી ભરવાડસમાજ દ્વારા વિરાટરેલી યોજી ગુનેગારો ને કઠોર સજા માટે કલેક્ટરશ્રી ને આવેદનપત્રઆપવામાં આવ્યું




# RECT TST 2 : સમસ્ત ગુજરાત રબારી સમાજ પ્રતિભા શોધ ઓનલાઈન પરીક્ષા

# માત્ર ધોરણ : 5 થી 9 (ગુજરાતી માધ્યમ) માટે જ

### સિલેબસ :

સામાન્ય રીતે તા.31/08/2022 સુધી વર્ગખંડમાં અભ્યાસ ચાલ્યો હોય તેવું ગણિત, વિજ્ઞાન, અંગ્રેજી ગ્રામર અને વોકેબ તેમજ જુલાઈ-ઓગસ્ટ મહિનાનાં વર્તમાન પ્રવાહોને લગતા વિષયમાંથી સરખા ભાગે 50 પ્રશ્નો પૂછવામાં આવશે.

કુલ 50 ગુણ, 50 પ્રશ્નો, ખોટા જવાબ માટે 0.25 માઈન્સ માર્ક.




### ખાસ નોંધ :

- ઓનલાઈન પરીક્ષા આપવા માટે જે વિદ્યાર્થી મિત્રોએ અગાઉ રજીસ્ટ્રેશન કરેલું છે તેને ફરી રજીસ્ટ્રેશન કરવાની જરૂર નથી. અગાઉનો user id અને પાસવર્ડ કાયમી છે...
- ધોરણ : 5 થી 9 માત્ર ગુજરાતી માધ્યમનાં જે વિદ્યાર્થી મિત્રોએ હજુ પણ રજીસ્ટ્રેશન નથી કરેલું તેઓએ સત્વરે www.rectsk.in પર જઈને RECT TST પર ક્લીક કરી રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે
- પરીક્ષાનાં દિવસે વિદ્યાર્થી મિત્રોએ www.rectsk.in પર જઈ RECT TST પર ક્લીક કરી પોતાનું login થયા બાદ જઈ ધોરણની પરીક્ષા આપવાની હોય તે ધોરણ સિલેક્ટ કરી પરીક્ષા આપવાની રહેશે.
- ચાલું ઓનલાઈન પરીક્ષાએ વિદ્યાર્થી મિત્રો બીજી કોઈ વેબસાઈટ કે ટેબ કરીને અન્ય સ્ક્રીન પર સર્ફીંગ કરશે તો ઓટો સબમિટ થઈને પરીક્ષા પૂર્ણ થઈ જશે.
- જે વિદ્યાર્થી મિત્રો મોબાઈલથી ઓનલાઈન પરીક્ષા આપે છે તેઓએ ખાસ તકેદારી રાખવી જેમ કે ચાલુ પરીક્ષાએ મોબાઈલમાં બ્રાઈટનેસ સેટિંગ કે અન્ય કોઈ એપમાં જશે કે કોઈ ફોન આવે તે રિસીવ કરશે તો પણ ઓટો સબમિટ થઈને પરીક્ષા પૂર્ણ થઈ જશે.

## ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા વિવિધ જગ્યાઓ માટે ભરતી જાહેર (GPSC OJAS)

### પોસ્ટ નામ

- રાજ્ય વેરા અધિકારી (STI)
- ચીફ ઓફિસર
- જિલ્લા જમીન નિરીક્ષક
- સમાજ કલ્યાણ અધિકારી
- સહાયક રાજ્ય વેરા કમિશનર
- મદદનીશ ઈજનેર (સિવિલ) વર્ગ 1&2



કડો રબારી સમાજ

# પાઘડી

આપણો સમાજ • આગવી ઓળખ • ગુજરાતી ગૌરવ

---

આવનાર અંકમાં હજી અન્ય વિષય જેવા કે એજ્યુકેશન, વ્યક્તિ વિશેષ, મહિલા / નારી શક્તિ પરિચય, વેપાર (બિઝનેસ) ઈન્ફોર્મેશન, સ્વાસ્થ્ય (હૅલ્થ ટીપ્સ) વગેરે  પણ આવરી લેવામાં આવશે. જાહેરાત હેતુ અને આપના સુજાવ તથા પાઘડી ઈ-મેગેઝિન સાથે જોડાવા માટે સંપર્ક કરી શકો છો

**WhatsAppp & Call : +91 917309329**

---

2 SEP
2022

Paghadi e-Magazine

1
EDITION

ઝડો રબારી સમાજ

# Paghadi

આપણો સમાજ • આગવી ઓળખ • ગુજરાતી ગૌરવ

